જ્ઞાન • પ્રેરણા • સમર્પણ

# કૃત સંકલ્પ

Vol.15-16* Issue : 472, 05th December - 2022* કુલ પાના ૨૦* અંક કિંમત રૂા. - ૫.૦૦




## ગુજરાતના ચૂંટણી પ્રચારમાં બાળકોનો ઉપયોગ : ભાજપનું શરમજનક કૃત્ય

## આચાર્ય દેવવ્રત, ગૂજરાત વિદ્યાપીઠ અને ગાંધીનું હે રામ !

## ભાજપ સરકાર સામે કોંગ્રેસ નું તહોમતનામું



ભારતીય બંધારણના ઘડવૈયા

ભારતરત્ન

**ડૉ. બાબાસાહેબ આંબેડકર**ના

મહાપરિનિર્વાણ દિન નિમિત્તે

કોટી કોટી વંદન

**ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ**

**સંપાદક અને પ્રકાશક**
હસમુખ પટેલ

**સહ સંપાદક**
ડો. મનિષ દોશી
વિજય દવે

RNI No. : 70957/1998
L-5/131/GAMC/1720/2021-23
**વર્ષ : ૧૫-૧૬**
**સળંગ અંક : ૪૭૨**
**5, December - 2022**

**રજિ. કાર્યાલય**
**કૃત સંકલ્પ ટ્રસ્ટ,**
મંગલપ્રભાત બિલ્ડિંગ,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ પાસે, મિરઝાપુર,
**અમદાવાદ**
E-mail : krutsankalp2015@gmail.com
**લવાજમ : વાર્ષિક રૂ.૨૫૦, દ્વિવાર્ષિક : રૂ.૪૫૦**

**ટાઈપ સેટિંગ-લેઆઉટ :**
વિજય સોલંકી, મનોજ પાટીલ

**મુદ્રક :** પાયલ પ્રિન્ટર્સ, ઈન્કમટેક્સ,
આશ્રમરોડ, અમદાવાદ.

# પ્રમુખશ્રીનો સંદેશ



**તાજેતરમાં** યોજાયેલી લોકશાહીનાં પર્વ સમાન ગુજરાત વિધાનસભાની ચૂંટણીનાં પરિણામોમાં પરિવર્તનનો પવન ફૂંકાય તેવા નિર્દેશો મળી રહ્યાં છે. ગુજરાતની પ્રજાના જનાદેશની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે કહેવું પડશે કે, લોકશાહીમાં લોકો જ સર્વોપરી હોય છે અને આગામી પાંચ વર્ષ માટે લોકો પસંદગીનો કળશ કોના પર ઢોળશે તે મત મશીનો ખુલશે ત્યારે જ ખબર પડશે. જો કે એક વાત ચોક્કસ છે કે ગુજરાતના મતદારો ભાજપના અઢી દાયકાથી વધુ સમયનાં કુશાસનથી ત્રાહીમામ્ ત્રાહીમામ્ પોકારી ઊઠ્યા છે અને તેથી ચૂંટણીના પરિણામો પણ પુનરાવર્તન નહીં પરંતુ પરિવર્તનલક્ષી હશે. જો કે ગુજરાતની પ્રજા જે જનાદેશ આપશે તેને કોંગ્રેસ શિરોમાન્ય ગણશે.

ભાજપે ગુજરાતની ચૂંટણીના પ્રચારમાં જાત જાતનાં અને ભાત ભાતનાં ગતકડાં કર્યાં હતાં, પરંતુ લોકો હવે ભાજપને બરાબર ઓળખી ગયા છે. કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેજીએ જણાવ્યું તેમ ભાજપ પાસે મોદીજીનો ચહેરો બતાવવા સિવાય અન્ય કોઈ મુદ્દા રહ્યા જ નથી. ભાજપે તેના ચૂંટણી પ્રચારના પ્રારંભિક તબક્કામાં વિકાસની ડાહી ડાહી વાતો કરી હતી, પરંતુ જેમ જેમ પ્રચાર અભિયાન આગળ વધ્યું તેમ ભાજપનો પોતાના પરનો ભરોસો તૂટતો ગયો અને પ્રચાર અભિયાનનાં છેલ્લા તબક્કામાં ભાજપ ગુજરાતના ૨૦૦૨ના રમખાણો પર આવીને અટકી ગયું. ભાજપને આ મુદ્દો ઉખેડવો પડ્યો તેનો અર્થ એ છે કે, ભાજપને પોતાના વિકાસનાં કહેવાતાં એજન્ડા પર કે મોદી મેજિક પર ભરોસો હવે રહ્યો નથી. આજે જ્યારે મોંઘવારીએ માઝા મૂકી છે ત્યારે વડા પ્રધાન મોદીજીએ પોતાનાં સમગ્ર ચૂંટણી અભિયાનમાં મોંઘવારીનો "મ" સુદ્ધા ઉચ્ચાર્યો નહીં. ૨૦૧૭માં ભાજપે ખેડૂતોની આવક બમણી, રોજગારી નિર્માણ, ફ્રી નિયંત્રણ કાયદાનો કડક અમલ અને ખેતી-દૂધ ઉત્પાદન અંગે જે વચનો આપ્યાં હતા તે વચનો અને સંકલ્પો માત્ર કાગળ પર જ રહ્યા છે. જો ૨૭ વર્ષમાં ભાજપે વિકાસ કર્યો હોત તો ગુજરાતના ૩૨ ટકા લોકો ગરીબીરેખા હેઠળ જીવતાં ન હોત.

છેલ્લે મહાન નેતા, બંધારણના ઘડવૈયા, કાયદાવિદ અને દલિતોના મસીહા એવા ડો.બાબાસાહેબ આંબેડકરજીને છઠ્ઠી ડિસેમ્બરે તેમની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાસુમન સાથે વંદન. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષા, રાષ્ટ્રીય નેતા અને ત્યાગ-તપસ્યાના પ્રેરણામૂર્તિ એવા શ્રીમતી સોનિયા ગાંધીના ૯ ડિસેમ્બરે જન્મદિને તેમના દીર્ઘાયુ અને નિરામય સ્વાસ્થ્ય માટે શુભકામનાઓ. ૧૫ ડિસેમ્બરે અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ સાથે કોટી કોટી નમન.

જય જય ગરવી ગુજરાત...

**જગદીશ ઠાકોર**
પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



લખવું એ ધોમધખતા તાપમાં ડામરની સડક બનાવવા માટે જે મજૂરી કરવી પડે તેના કરતાય વધારે મહેનત માંગી લેતું કામ છે. - **નવલકથાકાર જોનગ્રિશમ**


MESSENGER OF PEACE


बस्ती: चोर को नींद आई तो बनाई चाय और करते रहे घर साफ।
मैं चायवाला देश का चौकीदार...
BANK
Vijay Mallya
Neerav Modi
Lalit Modi


NDTV
BIKEGA NAHI!
SATISH ACHARYA


MAHARASHTRA CM IS IN ASSAM TO VISIT A TEMPLE...
ASSAM CM IS IN DELHI TO CAMPAIGN FOR DELHI POLLS...!
DELHI CM IS IN GUJARAT FOR POLL CAMPAIGN!
I'M TRYING TO FIND OUT WHERE THE GUJARAT CM IS...!


SORRY! I TAKE MORAL RESPONSIBILITY & I QUIT!
BHAI, WHAT IS RESPONSIBILITY?
WHAT IS MORAL?
SATISH ACHARYA

# ગુજરાતનો વિકાસ...નર્યાં જુઠ્ઠાણાં

**ગુજરાત મેં બનાવ્યું છે, તે પણ ૨૦૦૧-૧૪ના ગાળામાં, ત્યાર પછી ભાજપની સરકારો દ્વારા જ વિકાસ કરવામાં આવ્યો છે અને અગાઉ તો કશો જ ગુજરાતનો વિકાસ થયો ન હતો એવાં દાવા પ્રચારના બણગાં ફૂંકવામાં માહેર વડા પ્રધાને જોરશોરથી કર્યા છે**

**ગુજરાતમાં** ૨૦૦૧ પછી વિકાસનું જે મોડલ અપનાવવામાં આવ્યું છે તે મોડલનો સીધો આર્થિક લાભ ક્યા વર્ગને થયો છે ? જે વર્ગને લાભ થયો છે તે વર્ગને ભાજપની રાજ્ય સરકારો લોકશાહી અને માનવ અધિકારોનું અવમૂલ્યન કરે તો તેની કશી જ ચિંતા હોતી નથી, તેને તો માત્ર તેમનાં ખિસ્સાં ભરાય તેની જ ચિંતા હોય છે. મોદી સરકારે તો ગુજરાત હાઉસિંગ બોર્ડ બંધ કરી દીધેલું એટલે મકાનો બાંધવાનું કામ માત્ર બિલ્ડરો પાસે રહ્યું. બિલ્ડરો જમીનો અને મકાનોના ભાવ આસમાને લઈ ગયા, તેમણે કરોડો રૂપિયાનો નફો કર્યો. સરવાળે જમીન વેચનારને લાભ થયો. આ રીતે લાખો-કરોડો રૂપિયા કમાનારા મોદી ભક્તો ભાજપના ટેકેદારો બન્યા.




એ જ રીતે શિક્ષણ ક્ષેત્રે શાળાઓ અને કોલેજોનાં નામે હાટડીઓ ખોલવામાં આવી. ખાનગી યુનિવર્સિટીઓ સ્થાપવાની શરૂઆત તો મોદી સરકારે કરી. તેનાં પરિણામે ખાનગી ટ્રસ્ટો થયાં અને તેમણે હજારો-લાખો રૂપિયામાં ફી લઈને પુષ્કળ નફો કર્યો. ભાજપની સરકારે ખૂબ જ ઓછી સરકારી શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓ ખોલી, જે ખોલી તેમાં પૂરતા શિક્ષકો ન હોય કે અધ્યાપકો ન હોય, ગુણવત્તા ખૂબ જ ખરાબ હોય, એટલે ગરીબ મા-બાપો પણ પોતાનાં સંતાનોને તેવી સંસ્થાઓમાં મોકલતા દસવાર વિચાર કરે. પરિણામે સ્વનિર્ભર શાળાઓ અને કોલેજોના ટ્રસ્ટોને ઘી-કેળાં થાય.

નાના-મોટા ઉદ્યોગપતિઓનાં એક મોટાવર્ગને ભાજપની સરકારોએ કરોડો રૂપિયાની જમીન તદ્દન મામૂલી ભાવે, પાણીના ભાવે આપી દીધી. ભાજપની સરકારોએ ગુજરાત વેચવામાં કશું જ બાકી રાખ્યું નથી. ગૌચરની જમીન, પડતર જમીન અને ખરાબાની જમીનો તદ્દન મામૂલી ભાવે, ફેંકી દીધાના ભાવે ઉદ્યોગપતિઓને આપવામાં આવી. આવા ઉદ્યોગપતિઓ મોદીની વાહવાહી કરે. વાઈબ્રન્ટ ગુજરાત ઈવેન્ટમાં મોટા ભાગે ઉદ્યોગોને જમીનો સસ્તા, મામૂલી ભાવે (રેવડી) આપવા યોજવામાં આવી હતી તેવા તાયફાઓ પુષ્કળ થયા. આવા ઉદ્યોગપતિઓ તેમની વાહવાહી કરી ભાજપને ટેકો આપવા ગુજરાત આવે અને હવા ઊભી કરે કે ગુજરાતનો વિકાસ થયો છે અથવા થઈ રહ્યો છે. સમાજનો આ બોલકો વર્ગ છે, તેમને સરસ બોલતાં લખતાં આવડે છે, એટલે તે વર્ગ ગુજરાતનાં કહેવાતા વિકાસનાં બણગાં ફૂંકે છે. આ વર્ગને વ્યક્તિનું ગૌરવ, ન્યાય, સમાનતા, માનવ અધિકારો અને લોકશાહી સાથે નહાવા નિચોવવાનો પણ સંબંધ નથી.

ગુજરાત મેં બનાવ્યું છે, તે પણ ૨૦૦૧-૧૪ના ગાળામાં, ત્યાર પછી ભાજપની સરકારો દ્વારા જ વિકાસ કરવામાં આવ્યો છે અને અગાઉ તો કશો જ ગુજરાતનો

વિકાસ થયો ન હતો એવાં દાવાં પ્રચારના બણગાં ફૂંકવામાં માહેર વડા પ્રધાને જોરશોરથી કર્યા છે. ગુજરાતના, દેશના, દુનિયાના લોકોને ખોટો પ્રચાર કરી ગુજરાતનો વિકાસ મેં એકલાએ જ કર્યો છે તેવું વારંવાર કહ્યું, પરંતુ વાસ્તવિકતા અને હકીકત કંઇક જૂદું જ કહે છે. આ હકીકતો સરકારી દસ્તાવેજો પ્રમાણે ખોટી સાબિત થાય છે.

આપણે જેને વિકાસ કહીએ છીએ તે જીડીપી (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ) એટલે કે કુલ ઘરેલું ઉત્પાદન કે આવકમાં દર વર્ષે કેટલો વધારો થાય છે તેના સંદર્ભમાં માપવામાં આવે છે. આવક વધવાનો દર વધે તો વિકાસ ઝડપથી વધ્યો છે તેમ કહેવાય. ભારતનાં રાજ્યો માટે તેને સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ (એસડીપી) એટલે કે રાજ્યનું ઘરેલું ઉત્પાદન કહેવામાં આવે છે. એસડીપીમાં ખેતી, ઉદ્યોગો અને સેવાઓ એમ અર્થતંત્રના ત્રણેય ક્ષેત્રોમાં એક વર્ષમાં કેટલું ઉત્પાદન વધ્યું એટલે કે રાજ્યના લોકોની કેટલી આવક વધી તેની ગણતરી કરવામાં આવે છે. ગુજરાતમાં છેલ્લાં ૬૨ વર્ષો દરમિયાન એસડીપીમાં વધારાનો દર કેટલો રહ્યો હતો તેના સરકારી આંકડાઓ જોતાં ખબર પડે છે કે મોદીની સરકારે અને ભાજપની સરકારોએ જ વિકાસ કર્યો છે તેવો દાવો બિલકુલ ખોટો છે. વિકાસના ગુજરાત મોડલનો દાવો માત્ર ને માત્ર પ્રચારનો એક તુક્કો જ છે બીજું કાંઈ નથી.

ગુજરાતમાં એસડીપીનો વૃદ્ધિ દર એટલે કે વિકાસ દર જૂદા જૂદા સમયે આ પ્રમાણે રહ્યો હતો. ૧૯૯૦-૯૪ના ચીમનભાઈ પટેલના શાસનમાં ૧૬.૭૩ ટકા, ૨૦૦૧-૦૪ દરમિયાન ૧૦.૩ ટકા, ૧૯૦૫-૨૨ દરમ્યાન ૯ ટકાથી નીચે દર રહ્યો છે. સૌથી ઓછો વૃદ્ધિ દર ૩.૮૯ ટકા ૧૯૭૨-૮૦ દરમિયાન રહ્યો છે. ૧૯૮૧-૯૪ના ગાળામાં સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર ૧૫.૫૫ ટકા રહ્યો છે. કોઈ એકાદ બે વર્ષ નહીં, પણ સળંગ ૧૫ વર્ષ માટે આ સરેરાશ વૃદ્ધિ દર ઘણો વધારે કહેવાય. ૨૦૦૧-૨૦૨૧ના ૨૦ વર્ષના ગાળામાં આ વૃદ્ધિ દર ૮.૨૧ ટકા જ રહ્યો છે. આમ વિકાસના વૃદ્ધિ દરની બાબતમાં ભાજપે જ ગુજરાતનો વિકાસ કર્યો છે તેમ કહી શકાય નહીં. ગુજરાતના ઈતિહાસમાં સૌથી ઊંચો વૃદ્ધિ દર ૪૦.૧૮ ટકા ૧૯૮૮-૮૯ના વર્ષ દરમિયાન સિદ્ધ થયો છે જ્યારે કોંગ્રેસના અમરસિંહ ચૌધરી મુખ્ય પ્રધાન હતા. પછીના બીજા ક્રમે ૧૯૯૨-૯૩મં ૩૪.૩૩ ટકાનો વૃદ્ધિ દર ચીમનભાઈ પટેલના શાસન દરમિયાન થયો હતો. માધવસિંહ સોલંકીના શાસન દરમિયાન વર્ષ ૧૯૮૩-૮૪માં વૃદ્ધિ દર ત્રીજા ક્રમે સૌથી વધુ ૩૦.૦૬ ટકા રહ્યો હતો.

૧૯૭૦-૭૧માં ૧૫.૩૫ ટકા, ૧૯૭૩-૭૪માં ૨૮.૫૦ ટકા, ૧૯૮૧-૮૨માં ૨૫.૩૨ ટકા અને ૧૯૯૬-૯૭માં ૧૯.૭૩ ટકા જેટલો ઊંચો વૃદ્ધિ દર રહ્યો છે. ૨૦૦૧ થી ૨૦૨૧ ના સમય દરમિયાન નરેન્દ્ર મોદી, આનંદીબેન પટેલ, વિજય રૂપાણી અને ભૂપેન્દ્ર પટેલ આટલા ઊંચા વૃદ્ધિ દરને સિદ્ધ કરી શક્યા નથી કે તેની નજીક પણ પહોંચી શક્યા નથી. આ હકીકતો, આંકડા જોતાં એમ જણાય છે કે ભાજપના શાસનકાળ દરમિયાન આર્થિક વિકાસમાં કોઈ જ મોટી સિદ્ધિ પ્રાપ્ત થઈ નથી. હકીકતમાં ૨૦૦૫ પછી ૨૦૨૧ સુધી આ વૃદ્ધિ દર ૯ ટકાથી નીચો રહ્યો છે. આ દરમાં ફુગાવો જો ૫ ટકા ગણવામાં આવે તો તે વૃદ્ધિ દર ૫ ટકા ઓછો થયેલો ગણાય. ગુજરાતનો વિકાસ ક્યા પરિબળોને આધારે ભવ્ય ગણીને પ્રચાર કરવામાં આવે છે અને મેં ગુજરાત બનાવ્યું તેમ કહેવામાં આવે છે તે કોઈને સમજાતું નથી, કોઈના મગજમાં ઊતરતું નથી.

ગુજરાત ભારતનું ગ્રોથ એન્જિન છે એવી વાતોનો ગુજરાત સરકાર તરફથી વારંવાર પ્રચાર કરવામાં આવે છે. ભાજપ એમ કહેવા માગે છે કે ભારતનો વિકાસ ગુજરાત પર નિર્ભર છે તથા ગુજરાત જ ભારતને વિકાસના પાટે દોડાવે છે. ૨૦૧૪માં કેન્દ્રમાં આવેલી ભાજપ સરકારે ગુજરાતના વિકાસ નામે દેશમાં મત મેળવી સત્તા પ્રાપ્ત કરી હતી. જેમાં ઢોલ, વાજિંત્ર વગાડવામાં અને બણગાં ફૂંકવામાં આવે છે, હકીકતમાં તેનાથી તદ્દન વિરુદ્ધ વિકાસનાં આંકડા છે. તે ખોટા પ્રચાર હેઠળ ઢંકાઈ જાય છે. ગુજરાતનો વિકાસ જેટલો ભવ્ય ચીતરવામાં આવે છે તેટલો ભવ્ય નથી.

૨૦૦૬-૦૭ થી ૨૦૧૧-૧૨ દરમિયાન ભારતનો સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર ૮.૦૬ ટકા રહ્યો હતો, જ્યારે ગુજરાતનો વાર્ષિક વૃદ્ધિ દર ૯.૩૨ ટકા રહ્યો હતો. આ જ રીતે ૨૦૧૨-૨૧ના ગાળા દરમિયાન ભારતનો વૃદ્ધિ દર

૪.૭૨ ટકા અને ગુજરાતનો વૃદ્ધિ દર ૮.૪૪ ટકા રહ્યો હતો. ૨૦૧૨-૨૧ના મોદી શાસનના ગાળા દરમિયાન ભારતના વિકાસ દર કરતાં ગુજરાતનો વિકાસ દર બમણો રહ્યો છે તેનું કારણ ૨૦૦૬-૧૨ના કોંગ્રેસ શાસન કરતાં મોદી શાસનમાં ભારતનો વૃદ્ધિ દર ૩.૩૪ ટકા ઘટ્યો હતો. વિકાસનાં નગારાં વગાડતા લોકોનાં મોઢે આ એક તમાચો છે.

૧૯૬૦-૮૦ દરમિયાનનાં વર્ષો દરમિયાન પણ ભારતનો વિકાસ દર માત્ર ૩.૩ ટકા હતો, ત્યારે પણ ગુજરાતનો વિકાસ દર ભારતના વિકાસ દર કરતાં વધારે હતો. એ પછીના બે દાયકાનો સમય ગુજરાતના વિકાસમાં મહત્ત્વનો રહ્યો હતો. ૧૯૮૦-૯૦ દરમિયાન ભારતનો વિકાસ દર ૫.૫ ટકા હતો. એટલે બે વચ્ચેનો તફાવત ૯.૪૭ ટકા જેટલો ખૂબ જ મોટો રહ્યો હતો. એનો અર્થ એ થયો કે ગુજરાત ભારતનું ગ્રોથ એન્જિન કોંગ્રેસના માધવસિંહ સોલંકી અને અમરસિંહ ચૌધરીનું શાસન હતું ત્યારે રહ્યું હતું. તે પછીના ૧૯૯૦-૨૦૦૦ના ગાળા દરમિયાન ભારતનો વૃદ્ધિ દર ૫.૫ ટકા અને ગુજરાતનો વૃદ્ધિ દર ૧૨.૭૭ ટકા રહ્યો હતો. એટલે કે બંને વચ્ચેનો તફાવત ૭.૨૭ ટકા રહ્યો હતો. તે સમયે ચીમનભાઈ પટેલ અને કેશુભાઈ પટેલનું શાસન હતું.

ભારત અને ગુજરાતના વૃદ્ધિ દરનો તફાવત આટલો ઊંચો તે પછી રહ્યો નથી. ૨૦૦૧ થી ૨૦૧૨ના સમયગાળા દરમિયાન ગુજરાતનો વૃદ્ધિ દર ભારતના વૃદ્ધિ દર કરતાં બહુ વધારે રહ્યો નથી. ૨૦૧૨-૨૦૨૧ના ગાળા દરમિયાન આ તફાવત ૩.૭૩ ટકા થયો. જે ૭.૨૭ ટકા અને ૯.૪૭ ટકા જેટલા ઊંચા તફાવતથી ક્યાંય દૂર છે. એટલે કે ૨૦૦૦ પછી ગુજરાત સિવાયનાં રાજ્યોનો વિકાસ દર ખાસ્સો ઊંચો રહ્યો છે, જે ભારતના વિકાસ દરને ઊંચે લઈ જવામાં વધુ ફાળો આપે છે. એવું સ્પષ્ટ દેખાય છે કે ગુજરાતનો વિકાસ ૧૯૮૦-૨૦૦૦ના ગાળામાં જેટલો ફાળો આપતો હતો તેટલો ફાળો બાકીના વર્ષોમાં મળ્યો નથી.

ભારતની જીડીપીમાં ગુજરાતનો ફાળો બહુ જ ઓછો છે. ભારતની જીડીપીમાં ગુજરાતનો ફાળો ૨૦૧૬-૧૭માં ૭.૬ ટકાનો હતો, તે ૨૦૨૦-૨૧માં ૮.૩૬ ટકાનો થયો છે. એટલે દેશની ૯૧.૬૪ ટકા જીડીપી આખા દેશનાં બીજા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો પેદા કરે છે. તેમાં તે કઈ રીતે તે દેશનું ગ્રોથ એન્જિન કહેવાય ?

ગુજરાત બીજા રાજ્યોની સરખામણીમાં ઔદ્યોગિક ઉત્પાદન વધુ કરે છે, જ્યારે દેશના અન્ય રાજ્યએ ખેતીનું વધુ ઉત્પાદન કરે છે. ગુજરાતમાંથી ઘણી નિકાસ થાય છે. (દેશની નિકાસના ૨૦ ટકા) તેનું કારણ ૧૬૦૦ કિ.મિ.ના લાંબા દરિયા કિનારા પર આવેલાં બંદરો છે. તેથી નિકાસ વધુ થાય છે. અનેક રાજ્યો પાસે દરિયા કિનારો નથી તેથી તેઓ નિકાસ કઈ રીતે કરે ?

ગુજરાત જેની નિકાસ કરે છે તે બધી ચીજોનું ઉત્પાદન ગુજરાતમાં થતું નથી. ગુજરાત સરકારના દાવા પ્રમાણે ૨૦૧૯-૨૦માં દૂધનું ઉત્પાદન કુલ ઉત્પાદનમાં ૭.૭ ટકા હતું. આ કઈ મોટી સિદ્ધિ થઈ ? તેમાં ગુજરાત સરકારનો ફાળો કેટલો ? અમૂલ જેવી સહકારી બ્રાંડ, દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને ડેરીઓનો જે ફાળો છે તે કોંગ્રેસ સરકારના શાસનમાં કરવામાં આવી હતી. ભાજપ સરકારે નવી કોઈ ડેરીની સ્થાપના કરી હોય તેવું કોઇના ધ્યાનમાં નથી. ભાજપનાં ગુજરાતમાં શાસનમાં વીજળીના નવા સરકારી કારખાનાં સ્થપાયા નથી. દેશમાં વધારેમાં વધારે વીજળીનો યુનિટ દર રૂ.૯.૭૬ ગુજરાતમાં જ છે.

ભારતનો વિકાસ દર ગુજરાત પર આધાર રાખે છે અને ગુજરાત ભારતના વિકાસની આગેવાની લે છે, વિકાસની બાબતમાં ભારતનું નેતા છે તે ફક્ત જૂમલાબાજી સાબિત થઈ ચૂક્યું છે. ગુજરાત ભારતનું ગ્રોથ એન્જિન ૧૯૮૦-૨૦૦૦ના ગાળા દરમિયાન હતું, જ્યારે મોટા ભાગે ગુજરાતમાં કોંગ્રેસનું શાસન હતું. ■

**અને છેલ્લે :** જનરલ વી.કે. સિંહ : ''અણ્ણા આંદોલન એક ભ્રામક આંદોલન હતું. અણ્ણા આંદોલનનો ગેરલાભ ઉઠાવી કેજરીવાલે આયોજનબદ્ધ રીતે પોતાની મહત્વાકાંક્ષા પૂરી કરી છે.'' સવાલ એ છે કે વી.કે. સિંહ આ આંદોલનમાં શા માટે જોડાયા હતા ? ● રૂપિયો આગામી વર્ષ સુધીમાં ૮૬.૭૦ સુધી તૂટી શકે છે. ● પહેલાં આપણે કબૂતર છોડતા હતા, હવે ચિત્તા છોડીએ છીએ. ● આજના સવાલો-આતંકવાદ, ગરીબી, ભૂખમરો, બેરોજગારી, મોંઘવારી, ધાર્મિક ઉન્માદ, ક્ષેત્રવાદ, નશો, ભ્રષ્ટાચાર.

# ગુજરાતના ચૂંટણી પ્રચારમાં બાળકોનો ઉપયોગ : ભાજપનું શરમજનક કૃત્ય

**આપણાં નાનાં નાનાં બાળકોના પ્રોટેક્શનની આ વાત છે, તો બીજી બાજુ એ પ્રોટેક્શન અને એ કાયદા સાથે અન્ય કોઈ નહીં, પરંતુ ખુદ આપણાં વડા પ્રધાન ચેડાં કરી રહ્યાં છે, આ ખરેખર અત્યંત દુર્ભાગ્યપૂર્ણ બાબત છે**

**ગુજરાત** વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપ દ્વારા નાનાં માસૂમ બાળકોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાનું ધ્યાન પર આવ્યું હતું. આ મુદ્દે સુપ્રીમ કોર્ટના સિનિયર એડવોકેટ અને કેન્દ્રીય પ્રધાન સલમાન ખુરશીદ, સંસદ સભ્ય ડૉ. નાસીર હુસ્સૈન, સંસદ સભ્ય અને જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના પ્રભારી શ્રીમતી રજની પાટિલ અને રાજ્યસભાના સાંસદ શ્રીમતી રણજીત રંજન ૨૫, નવેમ્બર-૨૦૨૨ના રોજ નવી દિલ્હી ખાતે ચૂંટણી પંચને મળ્યા હતા અને ત્યાર બાદ તેમણે મીડિયાને સંબોધન કર્યું હતું.

**અત્રે આ અંગેના મીડિયા બાઈટ્સનો સારાંશ પ્રસ્તુત છે.**



**સલમાન ખુરશીદે પત્રકારોને સંબોધિત કરતા જણાવ્યું કે :** આ એક મહત્વપૂર્ણ વિષય હતો. અમારા ધ્યાન પર આવ્યું અને મારું માનવું છે કે આમ જનતાએ આ બાબતને જોઈ હતી કે બાળકોને, સાવ નાનાં માસૂમ બાળકોને, ચૂંટણી પ્રચારમાં લાવવામાં આવી રહ્યાં છે અને તેમને ખાસ પાર્ટીનું પદ આપીને અથવા ખાસ પાર્ટીના વસ્ત્રો પહેરાવીને તેમને કહેવામાં આવી રહ્યું છે કે તમે અહીં કેમ્પેન કરો, અમારી પાર્ટી માટે. ભાજપ આવું કરી રહ્યો છે, અમે તેનો વિરોધ કરીએ છીએ અને અમે આ બાબતે ખૂબ જ વ્યથિત છીએ કે આ નાનાં ભૂલકાંઓને આ રીતે ચૂંટણી પ્રચારમાં લવાઈ રહ્યાં છે અને તેમનું શોષણ થઈ રહ્યું છે, એવું અમારું માનવું છે અને એટલા માટે અમે ચૂંટણી પંચને ફરિયાદ કરવા આવ્યા હતા અને આ બાબતે ઈલેક્શન કમિશન સ્પષ્ટ આદેશ આપી ચૂક્યું છે અને ચાઈલ્ડ વેલ્ફેર, નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ દ્વારા પણ આ મુદ્દે મોટી સ્પષ્ટતા કરી છે કે બાળકોનો ચૂંટણી પ્રચારમાં ઉપયોગ કરવો જોઈએ નહીં. આ એક અત્યંત ખોટી સિસ્ટમ છે અને અમે તેનો વિરોધ કરવા આવ્યા છીએ. અમે આશા રાખીએ કે તેમાં કોઈ સામાન્ય વ્યક્તિ સામેલ નથી, પરંતુ ભારતના વડા પ્રધાન મહોદય ખુદ તેમાં સામેલ છે અને આ અંગેના વીડિયો પણ અમે ઈલેક્શન કમિશનને બતાવ્યાં છે.

હવે અમે આશા રાખીએ છીએ કે જેમ ઈલેક્શન કમિશને કહ્યું તેમ તેઓ તેના પર કાળજીપૂર્વક વિચાર કરશે, આપસમાં ચર્ચા કરશે અને તેના પર ત્યારબાદ તેઓ કોઈ દુરોગામી નિર્ણય કરી શકશે અને પછી તેઓ આ અંગે અમને જાણ કરશે.

**શ્રીમતી રજની પાટિલે કહ્યું કે** - જુઓ આ દેશમાં જ્યારે એકબાજુ એવો નારો આપવામાં આવે છે કે ‘‘બાળકી ભણશે અને બાળકી આગળ જશે’’ તો બીજી બાજુ આ જ

બાળકીનો ચૂંટણીના પ્રચાર-પ્રસાર માટે ઉપયોગ કરવામાં આવે છે. અમે બધાં તેઓ વિરોધ કરીએ છીએ. જ્યારે તેમનો ઉપયોગ કરીને અમારા જેવી માતાઓને ભારે દુઃખ અને વેદના થાય છે અને જ્યારે ઈન્સ્ટિટ્યૂશનનો સવાલ આવે છે તો ઈન્સ્ટિટ્યૂશન સમક્ષ અમે ન્યાય માગવા આવીએ છીએ. હવે જોવાનું એ છે કે તેમાં ઈન્સ્ટિટ્યૂશન ખરી ઉતરે તે છે કે કેમ ? જે ઈન્સ્ટિટ્યૂશન પાસેથી ન્યાય માગવા આવ્યાં છીએ તેમણે આજે સિદ્ધ કરવાનું છે કે જ્યારે મૂળભૂત ન્યાયનો પ્રશ્ન હોય ત્યારે બાળકોનો ઉપયોગ કરવો જોઈએ કે નહીં ? જે ડેમોક્રસી છે અને જે ચાઈલ્ડ રાઈટ કમિશન છે, તે ચાઈલ્ડ રાઈટ કમિશન અનુસાર તેમનો ઉપયોગ કરવા દેવો જોઈએ કે નહીં, તે એ મૂળભૂત સવાલ છે. આપણાં નાનાં નાનાં બાળકો જેમના માટે આ સમય રમવાનો, અભ્યાસ કરવાનો છે ત્યારે આજે તેમની જિંદગીનો સવાલ ઊભો થયો છે ત્યારે તેમને ચૂંટણીના પ્રચાર-પ્રસારમાં લગાડવામાં આવી રહ્યાં છે અને આ તેમનું અત્યંત ધૃણાસ્પદ અને શરમજનક કૃત્ય છે અને અમે તેમનાં આ કૃત્યને ધિક્કારીએ અને વખોડીએ છીએ તેમના માટે ન્યાય માગીએ છીએ.

**શ્રીમતી રણજીત રંજને જણાવ્યું કે** - આ અત્યંત ગંભીર મુદ્દો છે, કારણ કે એક બાજુ આપણે ચાઈલ્ડ પ્રોટેક્શનની વાત કરીએ છીએ, બીજી બાજુ આપણાં વડા પ્રધાન, હા, આપણાં દેશનાં વડા પ્રધાન, જેમની જવાબદારી સમગ્ર દેશને પ્રોટેક્શન આપવાની છે, ખાસ કરીને બાળકોને પ્રોટેક્શન આપવાની છે, વયોવૃદ્ધોને પ્રોટેક્શન આપવાની છે. વડા પ્રધાન સાથે રીતસરની એક નાનકડી બાળકી છે, ૨૧ તારીખે વિધિવત્ રીતે ભાજપનું મફલર લગાવીને ઈલેક્શનના સમયમાં આ બાળકી જોવા મળે છે. જો તમે તેના ગુજરાતીમાં શબ્દો સાંભળશો તો લાગશે કે તે બરાબર ગોખીને આવી છે અને ભાજપની કેવી કેવી સિદ્ધિઓ છે તે જણાવી રહી છે. મારું માનવું છે કે, આ એક અત્યંત ગંભીર મુદ્દો છે, શું ચાઈલ્ડ પ્રોટેક્શન માટે પણ વડા પ્રધાન એક ઉદાહરણ બની રહ્યાં છે ?

જો વડા પ્રધાન એક બાળકનો ઈલેક્શનમાં આ રીતે ફાયદો ઉઠાવી રહ્યાં હોય તો ઈલેકશન કમિશને આ બાબતને ખૂબ ગંભીરતાથી લેવી જોઈએ. સમગ્ર દેશમાં આપણે એકબાજુ ચાઈલ્ડ પ્રોટેકશનની વાત કરીએ છીએ, બાળકોને ફ્રીડમ અને હસવા-રમવાની વાત કરીએ છીએ, બીજી તરફ વડા પ્રધાન એવો દાખલો-ઉદાહરણ રજૂ કરી રહ્યાં છે કે ઈલેક્શનમાં તમે નાનાં નાનાં બાળકોનો ઉપયોગ કરો. આ ખરેખર અત્યંત ગંભીર મુદ્દો છે.

હવે એ જોવાનું છે કે, ઈલેક્શન કમિશન ઉપરાંત આપણું જે નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ છે, તે શું નોંધ લે છે અને તેના પર શું કાર્યવાહી થાય છે અને તેના પર શું એક્શન લેવામાં આવે છે ? આ માત્ર કોંગ્રેસની નહીં, પરંતુ આપણાં નાનાં નાનાં બાળકોના પ્રોટેક્શનની વાત છે અને બીજી બાજુ એ પ્રોટેક્શન અને એ કાયદા સાથે અન્ય કોઈ નહીં, પરંતુ ખુદ આપણાં વડા પ્રધાન ચેડાં કરી રહ્યાં છે. આ ખરેખર અત્યંત દુર્ભાગ્યપૂર્ણ બાબત છે.

વડા પ્રધાન અને ભાજપ દ્વારા ગુજરાતની ચૂંટણીના પ્રચાર-પ્રસારમાં એક બાળકના ઉપયોગ અંગેના પ્રશ્ન પર **સલમાન ખુરશીદે જણાવ્યું કે** - ગુજરાતમાં બાળકોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ થઈ રહ્યો છે અને આ રીતે તેમનું શોષણ થઈ રહ્યું છે તે અંગે અમે ખૂબ જ ગંભીર રીતે ચિંતિત છીએ. અમે અસંખ્ય લોકોએ નિહાળેલ અને વાઈરલ થયેલ વીડિયો પણ રજૂ કર્યો છે. અમે આ વીડિયો ચૂંટણી પંચ સમક્ષ રજૂ કર્યો છે અને અમે લેખિત ફરિયાદ પણ કરી છે કે, ચૂંટણી પંચે પણ સ્પષ્ટ રીતે કહ્યું છે કે, બાળકોનો ચૂંટણી પ્રચારમાં ઉપયોગ થવો જોઈએ નહીં. ચૂંટણી પ્રચાર કરાવીને તેમનું શોષણ થવું જોઈએ નહીં અને તેમ છતાં બાળકોનો ચૂંટણી પ્રચારમાં ઉપયોગ થઈ રહ્યો છે. હવે જ્યારે બાળકોનો ઉપયોગ ચૂંટણી પ્રચારમાં કરવો જોઈએ નહીં એવું ચૂંટણી પંચનું અત્યંત સ્પષ્ટ મંતવ્ય છે અને તેમ છતાં ચૂંટણી પ્રચારમાં તેના આ મંતવ્યની સ્પષ્ટ ઉપેક્ષા થઈ રહી છે અને તેથી અમે આ બાબતે ચૂંટણી પંચના ધ્યાન પર લાવી છે. તેમણે અમને વચન આપ્યું છે કે, તેઓ આ બાબતની સઘન તપાસ કરશે, તેની ચકાસણી કરશે અને તેના પર યોગ્ય પગલાં લેશે.

અમે હૃદયપૂર્વક એવી અપેક્ષા રાખીએ છીએ કે આ માટે જેમણે આ કૃત્ય કર્યું છે તેમને માત્ર જવાબદાર જ ગણવામાં આવશે નહીં, પરંતુ ભવિષ્યમાં તેનું પુનરાવર્તન થાય નહીં, આપણાં બાળકોની જિંદગી અને આપણાં બાળકોની સુરક્ષા સુનિશ્ચિત થાય તે આપણે જોઈશું. ■

- એ.આઈ.સી.સી., કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટ, નવી દિલ્હી

- પ્રો. હેમન્તકુમાર શાહ

# આચાર્ય દેવવ્રત, ગૂજરાત વિદ્યાપીઠ અને ગાંધીનું હે રામ !

**ગાંધીનું 'હિંદ સ્વરાજ' પુસ્તક આચાર્ય દેવવ્રતે વાંચ્યું છે ખરું ? તેમાં સ્વરાજ ફક્ત ગાય, પ્રાકૃતિક ખેતી અને પર્યાવરણ એવી બાબતોમાં સમાઈ જતું નથી, એમાં તો ''જણે જણે ભોગવવાનું સ્વરાજ'' એટલે ખરું સ્વરાજ એવું ગાંધીએ લખ્યું છે**

**'ઇન્ડિયન** એક્સપ્રેસ' અખબારમાં ગૂજરાત વિદ્યાપીઠના સ્થાપના દિન તા.૧૮-૧૦-૨૨ના રોજ ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ થવા જઈ રહેલા આચાર્ય દેવવ્રતની એક લાંબી મુલાકાત છપાઈ છે. આ આખી મુલાકાત મોટે ભાગે પ્રાકૃતિક ખેતી, ગાય અને પર્યાવરણના મુદ્દા આધારિત છે. જો કે, આ મુલાકાતમાં ગૂજરાત વિદ્યાપીઠ અને ગાંધીજી વિષે પણ થોડાક મુદ્દા છે. તેમણે આ બંને વિષે જે કંઈ કહ્યું છે તેને વિષે સહેજ ટિપ્પણ : (૧) ''ગાંધીજી અને ગાયો પ્રત્યે બહુ આદર હતો અને હું ગોપાલક છું'' અને ''હું ગાય, ખેતી અને ઝેર-મુક્ત ખેતી વિષે વાત કરું છું'' એમ કહીને આચાર્ય દેવવ્રત એમ કહે છે કે- ''ગાંધીજી જો આજે હયાત હોત તો તેઓ મને સૌથી વધુ આશીર્વાદ આપત.'' ગાંધીજી જીવતા હોત તો તેઓ દેવવ્રતને આશીર્વાદ આપત એમ કહેવું એ માત્ર કલ્પના થઈ અને તે જાતે જાતે પોતાની પ્રશંસા કરવા જેવી વાત થઈ. એને આત્મશ્લાઘા કહેવાય. વળી, બિલકુલ એવી વાત થઈ કે જ્યારે નરેન્દ્ર મોદી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી સમયે ''મા ગંગાએ મને બોલાવ્યો છે'' એમ કહેતા કહેતા હતા. કોણ જોવા જાય છે કે ક્યારે મા ગંગાએ સાદ દીધેલો ? એમ ગાંધીજી શું કરત એ તો ધારણા થઈ. સવાલ એ જ છે કે ગાંધીજી માત્ર એટલા માટે જ મહત્વના છે કે તેમણે ગાયને આદર આપેલો ?

ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ થવા માટે પોતાની આ લાયકાત છે એમ આચાર્ય દેવવ્રત કહેવા માગે છે.




ગાંધીજીના કોઈ એક રચનાત્મક કાર્યક્રમને પણ આગળ ધરાવનાર વ્યક્તિ સારી વ્યક્તિ જ કહેવાય એમાં કોઈ શંકા નથી, પણ ગાંધીજી પોતાને સૌથી વધુ આશીર્વાદ આપત એમ કહેવું વધારે પડતું છે. જો કે, એ સાચી વાત છે કે, પોતાના હત્યારા નથુરામ ગોડસેના સમર્થકોના ખોળામાં બેસી જનારા પ્રાકૃતિક ખેતીના ચાહક અને ગોપાલક એવા ગુજરાતના રાજ્યપાલને 'હે રામ' બોલીને મહાત્મા ગાંધી માફ તો કરે જ. એટલે અત્યારે ગૂજરાત વિદ્યાપીઠનું કુલપતિ પદ તેમના આકાઓના કહેવાથી પ્રાપ્ત કરવા બદલ મહાત્મા ગાંધી આચાર્ય દેવવ્રતને માફી બક્ષતા હશે એવી ધારણા અવશ્ય કરી શકાય. જો ગાંધી એમને માફ ના કરે તો મહાત્મા શાના ?

(૨) આચાર્ય દેવવ્રત દાવો કરે છે કે, ''ગાંધી અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, શોધ, સંતોષ, તપ,

સ્વાધ્યાય, ઈશ્વર પ્રણિધાનને અનુસર્યા હતા. હું સંપૂર્ણપણે તેમને અનુસરું છું. અહીં 'સંપૂર્ણપણે' શબ્દ જરા વધારે પડતો લાગે છે. શું કદાચ દુનિયાના ઈતિહાસના સૌથી જુઠ્ઠા રાજકારણી નરેન્દ્ર મોદી દ્વારા થયેલી પોતાની રાજ્યપાલ તરીકેની નિમણૂકને આચાર્ય દેવવ્રત આ રીતે વાજબી ઠેરવે છે ? જો દેવવ્રત સત્યના આટલાં બધાં આગ્રહી જ હોય તો પછી અસત્યના કિલ્લાના ચણનાર નરેન્દ્ર મોદી દ્વારા થયેલી પોતાની નિમણૂક તેમણે સ્વીકારી કેમ ? શું એમણે નરેન્દ્ર મોદીની જુઠ્ઠાણાં ફેલાવવાની રીતરસમની જાણકારી નહોતી ? શું એનો અર્થ એવો કરવાનો કે નરેન્દ્ર મોદીનાં અનેક જુઠ્ઠાણાં સાથે તેઓ સંમત છે ? અથવા તો તેમને એ જુઠ્ઠાણાં સામે કશો વાંધો જ નથી ?

(૩) ''હું ગાંધીજીના સિદ્ધાંતોથી પ્રભાવિત છું અને મારા ગુરુકુળમાં તેમને અનુસરું છું.'' એવો દાવો આચાર્ય દેવવ્રત કરે છે. ''મારું જીવનદર્શન એ જ છે'' એવો પણ એમનો દાવો છે. એટલે માત્ર ગાય, પર્યાવરણનું રક્ષણ અને પ્રાકૃતિક ખેતી વગેરેમાં મહાત્મા ગાંધી સમાઈ જાય છે એમ આચાર્ય દેવવ્રતનું માનવું છે. ગાંધી એટલે અન્યાય સામેનો અવાજ, ગાંધી એટલે સામાજિક, આર્થિક અને રાજકીય ગુલામી તેમજ શોષણ સામેનો સત્યાગ્રહ અને ગાંધી એટલે શોષણમુક્ત અહિંસક સમાજની રચનાની દિશામાં લોકશાહી અને વ્યક્તિની સ્વતંત્રતા સાથે પ્રગતિ એવું કશું આચાર્ય દેવવ્રતને યાદ આવતું જ નથી એનું આશ્ચર્ય થાય છે.

ગાંધીનું 'હિંદ સ્વરાજ' પુસ્તક આચાર્ય દેવવ્રતે વાંચ્યું છે ખરું ? તેમાં સ્વરાજ ફક્ત ગાય, પ્રાકૃતિક ખેતી અને પર્યાવરણ એવી બાબતોમાં સમાઈ જતું નથી. એમાં તો ''જણે જણે ભોગવવાનું સ્વરાજ'' એટલે ખરું સ્વરાજ એવું ગાંધીએ લખ્યું છે. એમાં બેફામ અને નિરંકુશ રાજકીય સત્તા સામેની લડાઈ પણ આવે. એવી લડાઈ શું આચાર્ય દેવવ્રતને મંજૂર છે ? આ મુલાકાતમાં એનો સહેજ પણ ફોડ પાડવામાં આવ્યો નથી.

(૪) આચાર્ય દેવવ્રતનું સપનું એ જ છે કે જે નરેન્દ્ર મોદીનું સપનું છે. ''પ્રાકૃતિક ખેતી એક એવો વિકલ્પ છે કે જે ખેડૂતોની આવક બમણી કરવાનું વડા પ્રધાનનું સપનું સાકાર કરવામાં સહાય કરી શકે છે.'' એમ તેઓ આ મુલાકાતમાં કહે છે. વડા પ્રધાનનું સપનું સાકાર કરવાની આચાર્ય દેવવ્રતની ચિંતા સ્વાભાવિક છે કારણ કે તેમની પસંદગીથી જ તેઓ રાજ્યપાલ બન્યા છે. પાંચ વર્ષમાં ખેડૂતોની આવક બમણી કરવાની વાત નરેન્દ્ર મોદીએ ૨૦૧૬માં કરી હતી અને તેનું પાંચ વર્ષે શું થયું ? એના વિષેનું તેમનું સ્વમૂલ્યાંકન પણ આચાર્ય દેવવ્રત દ્વારા રજૂ કરવામાં આવ્યું નથી. એમ લાગે છે કે નરેન્દ્ર મોદીએ જેમ ગાંધીના ચશ્મા ઊંધા કરીને એમાં એક આંખે 'સ્વચ્છ' અને બીજી આંખે 'ભારત' લખીને ગાંધીની 'સ્વચ્છ' 'ભારત'માં ઈતિશ્રી કરી નાખી એમ આચાર્ય દેવવ્રતનું દિમાગ ચાલે તો તેઓ ગાંધીના ઊંધા ચશ્મામાં એક આંખમાં ગાય અને બીજી આંખમાં પ્રાકૃતિક ખેતી ! ઈતિ સિદ્ધમ્ !

(૫) ''કોઈ રાજકીય પક્ષમાં જોડાવાની કે કોઈ રાજકીય મંચનો ઉપયોગ કરવાની મારી કદી ઈચ્છા નહોતી. એ મારી ઈચ્છા પણ નહોતી કે મારો એમાં રસ પણ નહોતો.'' એમ કહી આ મુલાકાતમાં તેઓ વડા પ્રધાનનું નામ બે વાર તો લે જ છે. જો રાજકીય મંચનો ઉપયોગ કરવાની ઈચ્છા નહોતી તો રાજ્યપાલ બન્યા જ શું કરવા ? રાજ્યપાલનો હોદ્દો એ રાજકીય મંચ જ છે. અને હા, દેવવ્રત એ મહાભારતના ભીષ્મનું એક બીજું નામ છે. દાદા ભીષ્મ ભરી સભામાં થયેલા પુત્રવધૂ દ્રૌપદીના ચીરહરણ સમયે હાથ જોડીને અને મૌન ધારણ કરીને બેસી રહેલા અને યુદ્ધમાં કૌરવોનો સાથ આપેલો એમ મહર્ષિ વ્યાસ લખે છે અને એ સૌ જાણે છે.

આચાર્ય દેવવ્રતનું મૂળ નામ તો કંઈક બીજું જ છે પણ તેમણે પોતે જ પોતાનું નામ ભીષ્મના નામ પરથી પાડેલું છે. દેશમાં લોકશાહીનું ચીરહરણ થઈ રહ્યું છે અને ગાંધી મૂલ્યો સત્ય, અહિંસા સમાનતા અને ન્યાયનું ચીરહરણ છડેચોક થઈ રહ્યું છે તેને વિષે દેવવ્રત નામધારી આ આધુનિક ભીષ્મને કશું કહેવાપણું નથી. એનાથી તો ખરેખર આશ્ચર્ય થાય છે ! જો કે, આ તો તદ્દન જુદી જ વાત થઈ. ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટીઓ પણ કદાચ એમ કહેશે કે આવા બધા ગાંધી મૂલ્યોના મુદ્દાને અને આચાર્ય દેવવ્રત સાહેબની વિદ્યાપીઠના કુલપતિ તરીકેની નિમણૂકને શી લેવા દેવા ? ■

# કૌભાંડોથી કલંકિત ભાજપ સરકાર કોંગ્રેસનું તહોમતનામું

## ગુજરાતમાં શીશુ મૃત્યુ દર ૩૧.૨ છે, ગુજરાતની કામગીરી ગરીબ આફ્રિકન દેશોની સમકક્ષ છે, આ મામલામાં રવાન્ડા, સેનેગલ અને નાંબિયાની ગુજરાત કરતા વધુ સારી કામગીરી છે

**હતાશ અરજદારો :** બેરોજગારીની સમસ્યા એટલી ગંભીર છે કે હજારો યુવાનો ગ્રેડ-૪ની નોકરીઓ માટે ફાંફા મારી રહ્યા છે. સરકારને તલાટીની ૩૪૦૦ જગ્યા માટે ૧૭ લાખ અરજીઓ મળી હતી. ગઈસાલ ૬૦૦ ગ્રામરક્ષક દળની જગ્યા માટે હજારો અરજદારો ઊમટી પડ્યા હતા.

**રોજગાર સર્જનમાં મુદ્રા યોજનાની નિષ્ફળતા :**

ખૂબ જ ગાજેલી મુદ્રા યોજના રોજગાર સર્જવામાં નિષ્ફળ ગઈ છે. ૯૫ ટકા કરતા વધુ લોન 'શિશુ' અને 'કિશોર' કેટેગરીમાં હતી.

માત્ર ૪.૪ ટકા લોનનું 'તરુણ' કેટેગરીમાં અર્થાત્ રૂપિયા પાંચ લાખ થી રૂપિયા દસ લાખ લોનની રકમનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિશુ કેટેગરીમાં સરેરાશ લોન રકમ માત્ર રૂ.૩૨,૯૦૭ છે. આટલી નજીવી રકમ સાથે આપણે રોજગાર સર્જનની અપેક્ષા રાખી શકીએ નહીં.

**ક્રોની કેપિટલિઝમ :**

ભારતીય અર્થતંત્ર આજે ગંભીર મુશ્કેલીમાં છે. મોદી સરકારે અર્થતંત્ર સાથે એટલી ભયાનક રીતે ગેરવ્યવસ્થાપન કર્યું છે કે, લોકો માટે અર્થતંત્ર આફતરૂપ પુરવાર થયું છે. લાખો લોકોએ રોજગાર ગૂમાવી દીધા છે, નાના ધંધા-રોજગાર આવક ગૂમાવી બેઠાં છે અથવા બંધ થઈ ગયા છે અને પરિવારો બે છેડાં ભેગાં કરવા સંઘર્ષ કરી રહ્યાં છે સાથે અબજોપતિની સંપત્તિમાં જબરદસ્ત વધારો થયો છે. સરકારે વિશાળ અર્થતંત્રના ભોગે કેટલાંક ચુનંદા ઔદ્યોગિક ગૃહોની તરફેણ કરી છે. જો કે ભાજપ પાસે આવી જ અપેક્ષા હતી. ભાજપ પરંપરાગત રીતે કેટલાંક મોટા બિઝનેસના હિતોને આગળ ધપાવવા માટે વૈચારિક રીતે પ્રતિબદ્ધ છે. ધનિક તરફી એજન્ડા પ્રજા વિરોધી નીતિમાં પરિણમ્યો છે.

**કોર્પોરેટ ટેક્સ રાહતોની લ્હાણી :**

આમ જનતા પર ઈંધણના ઊંચા ભાવનો પુષ્કળ બોજ લાદવામાં આવી રહ્યો છે, તો બીજી બાજુ સરકારે ભારતના સૌથી ધનિક કોર્પોરેશન્સને જંગી નઝરાણું ભેટ આપ્યું છે. સરકારે કોર્પોરેટ ટેક્સના દરો ૩૦ ટકાથી ઘટાડીને ૨૨ ટકા કર્યા હતા. તેના કારણે ભારતને સરકારી આવકમાં રૂ.૧.૪૫ લાખ કરોડની ખોટ ભોગવવી પડી છે.

ઉપરોક્ત પગલાંથી ભાજપનો ધનિક તરફી અને આમ જનતા વિરોધી પૂર્વગ્રહ સ્પષ્ટપણે દેખાય છે. ભાજપની યોજના ઊંચા કરવેરા સાથે આમ જનતા પર બોજ લાદવાની અને ધનિક વર્ગોને મોટી રાહત આપવાની છે.

**ઉદ્યોગપતિઓને પાણીનાં ભાવે જમીનની ફાળવણી :**

અદાણી જૂથને ભાજપ સરકારની નીતિઓથી સૌથી વધુ લાભ થયો છે. ભાજપ સરકારે તેને પ્રતિ ચો.મી.ના માત્ર રૂ.૧ અને રૂ.૩૨ના ભાવે જમીનની લ્હાણી કરી છે.

અન્ય કંપનીઓને જે દર ચૂકવવા પડ્યા હતા તેના

કરતા ચાર્જ કરાયેલ દર મહદઅંશે ઘણાં નીચા છે.

ટાટા ગ્રૂપે તેના નેનો પ્રોજેક્ટ માટે પ્રતિ ચો.મી. રૂ.૯૦૦નો દર ચૂકવવો પડ્યો હતો. ફોર્ડ ઇન્ડિયાને પ્રતિ ચો.મી. રૂ.૧૧૦૦ના દરે જમીન ફાળવવામાં આવી હતી.

**'કેગ' ઓડિટમાં જમીન ફાળવણીમાં વિસંગતતાઓ ધ્યાન પર આવી :**

ભાજપ સરકારની જમીન ફાળવણીની નીતિમાં અનેક વિસંગતતાઓ 'કેગ'ના ધ્યાન પર આવી છે. અહેવાલમાં નોંધ્યું છે કે, સરકારે એલ એન્ડ ટી ગ્રૂપને પ્રોજેક્ટ સ્થાપવા માટે ખાસ રાહત આપ્યા બાદ રૂ.૧૨૯ કરોડ ગૂમાવવા પડ્યા હતા. ગિફ્ટ સિટીના કેસમાં રૂ. ૨૭૦૦ કરોડની કિંમતની જમીન માત્ર રૂ.એકમાં ફાળવવામાં આવી હતી, જે એક પ્રકારનો વર્લ્ડ રેકોર્ડ છે. જ્યારે ફોર્ડ ઇન્ડિયાને ભાવ નિર્ધારણ કર્યા વગર ૧૮ લાખ ચો.મી. જમીન ફાળવી દેવાઈ હતી.

**બેંકોમાં મોટા પાયે છેતરપિંડી :**




મોદી સરકાર સત્તારૂઢ થઈ ત્યારથી બેંક ફ્રોડના કેસોમાં જંગી વધારો જોવા મળ્યો છે. લોકોને યાદ છે કે, નિરવ મોદી, મેહુલ ચોક્સી અને વિજય માલ્યા જેવા લોકોએ કઈ રીતે બેંકોને ચૂનો લગાડ્યો હતો અને તેમની સામે કોઈ કાર્યવાહી થઈ નથી અને બેંક ફ્રોડનાં કેસોમાં ન્યાય થતો નથી. ૨૦૧૫-૧૬ અને ૨૦૨૦-૨૧ વચ્ચેના સમયગાળામાં બેંકોએ ૨,૮૪,૮૧૯ ફ્રોડના કેસોમાં લગભગ રૂ.૬ લાખ કરોડ ગૂમાવ્યા હતા. અહેવાલ અનુસાર આમાંથી ૯૪ ટકા રકમ મોદી સરકાર હેઠળ જોવા મળી છે. છેતરપિંડીનો વસૂલાતનો દર ઘટીને ૦.૭ ટકા થયો છે. યુપીએ શાસન દરમિયાન વસૂલાતનો દર ૨૩.૭ ટકા હતો.

**ડિફોલ્ટર્સ (બાકીદારો) માટે લોનો માંડવાળ કરાઈ :**

બેંકોએ ૨૦૧૭-૧૮ અને ૨૦૨૧-૨૨નાં સમયગાળા દરમિયાન રૂ.૧૦ લાખ કરોડ જેટલી જંગી લોનની રકમ માંડવાળ કરી છે. લોન માંડવાળના સૌથી મોટા લાભાર્થીઓ શાસક સરકારની નિકટ હોવાનું જણાવાય છે.

**ટોચના ૧૦ વિલફૂલ ડિફોલ્ટર્સની લોન માંડવાળ :**

| કરજદાર | માંડવાળ કરાયેલી રકમ (રૂપિયા કરોડમાં) |
|---|---|
| ગિતાંજલી જેમ્સ | ૫૪૯૨ |
| આર.ઈ.એલ. એગ્રો | ૪૩૧૪ |
| વિનસમ ડાયમન્ડસ એન્ડ જ્વેલરી | ૪૦૭૬ |
| રોટોમેક ગ્લોબલ | ૨૮૫૦ |
| કુડોસ કેમિ. | ૨૩૨૬ |
| રૂચી સોયા ઈન્ડ. | ૨૨૧૨ |
| ઝૂમ ડેવલપર્સ | ૨૦૧૨ |
| ફોરએવર પ્રેશિયસ જ્વેલરી એન્ડ ડાયમન્ડસ | ૧૯૬૨ |
| કિંગ-ફિશર એરલાઈન્સ | ૧૯૪૩ |
| ડેક્કન ક્રોનિકલ હોલ્ડિંગ્સ | ૧૯૧૫ |

(સ્તોત્ર : આર.ટી.આઈ.)

**૫. કૌભાંડોથી કલંકિત ભાજપ સરકાર જી.એસ.પી.સી. કૌભાંડ :**

૨૦૦૫માં તત્કાલિન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીએ

એવો દાવો કર્યો હતો કે ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશને (જીએસપીસી) ૫૦ અબજ ડોલરની કિંમતનો ગેસ શોધી કાઢ્યો છે. ૨૦૦૮માં તેમણે આ દાવો બમણો કરીને ૧૦૦ અબજ ડોલરનો આંકડો બતાવ્યો હતો.

આખરે આ દાવામાંથી કંઈ બહાર આવ્યું નહીં જ્યારે બીજી બાજુ જીએસપીસીના ઉડાઉ ખર્ચા અને નાણાંકીય ગેરરીતિઓ અને વ્યવહારોનાં કારણે ધીમે ધીમે તેની ખોટ વધવા લાગી હતી. જીએસપીસીના આવા વ્યવહારોને કારણે ખાનગી પ્લેયર્સને લાભ થયો હતો.

'કેગ'ના બે અલગ અલગ રિપોર્ટમાં જીએસપીસીની કામગીરી પર દોષારોપણ કરાયું હતું. આ મુદ્દો ઉછાળવા છતાં જીએસપીસીએ તેના આડેધડ વ્યવહારો ચાલુ રાખ્યાં હતા, જેના કારણે કરદાતાઓને ભારે ખોટ અને નુકસાન ભોગવવું પડ્યું હતું.

૨૦૧૭માં ઓ.એન.જી.સી.ને જી.એસ.પી.સી.ને ઉગારી લેવા જણાવ્યું હતું. ઓ.એન.જી.સી.એ દેવામાં ડૂબેલી કંપનીનું રૂ.૮,૦૦૦ કરોડમાં અધિગ્રહણ કર્યું હતું. નિષ્ણાતો અને ઓ.એન.જી.સી. યુનિયનનાં સભ્યોએ આ અધિગ્રહણ સામે અનેક વેધક સવાલો ઉઠાવ્યાં હતાં.

**બિઝનેસ ગૃહોને 'ગેરકાયદે-ગેરવાજબી લાભો' પહોંચાડવા બદલ 'કેગ'એ ભાજપ સરકારને દોષિત ગણાવી :**

રાજ્યના પી.એસ.યુ. પરના પોતાના ઓડિટ રિપોર્ટમાં 'કેગ' એ નોંધ્યું હતું કે મોદી સરકારે રિલાયન્સ ઈન્ડ., અદાણી પાવર અને એસ્સાર વગેરે જેવી ખાનગી કંપનીઓને અયોગ્ય અને ગેરવાજબી ફાયદો કરાવ્યો હતો. રિપોર્ટમાં નોંધ્યું હતું કે, ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડે રિલાયન્સ ઈન્ડ. લિ.ને રૂ.૫૨ કરોડનો અનુચિત-ગેરવાજબી ફાયદો કરાવ્યો હતો.

એક બીજા કેસમાં 'કેગ'એ એવો આરોપ મૂક્યો હતો કે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ.એ અદાણી પાવર પાસેથી પેનલ્ટીની ઓછી વસૂલાત કરતા રૂ.૧૬૦ કરોડની જંગી ખોટ થઈ હતી. 'કેગ'એ નોંધ્યું હતું કે, તિજોરીને કુલ રૂ.૫૮૦ કરોડનું નુકસાન થયું હતું.

**રૂ.૪૦૦ કરોડનું ફિશિંગ કોન્ટ્રેક્ટ કૌભાંડ :**

૨૦૧૫માં ગાંધીનગરની એક અદાલતે ૨૦૦૮માં માછીમારી માટે કોન્ટ્રેક્ટ આપવામાં ગેરરીતિઓના સંદર્ભમાં ગુજરાત સરકારના રાજ્યકક્ષાના માછીમારી પ્રધાન પુરુષોત્તમ સોલંકી, ભાજપના અગ્રણી નેતા દિલીપ સંઘાણી (કે જેઓ એ વખતે કૃષિપ્રધાન હતા) અને અન્ય પાંચ સામે ફોજદારી કાર્યવાહી કરવા આદેશ કર્યો હતો.

એવો આક્ષેપ કરાયો છે કે, ૨૦૦૮માં સોલંકીએ પોતાની માનીતી પાર્ટીઓને ૫૮ જળાશયો માટે ફિશિંગ કોન્ટ્રેક્ટસ મંજૂર કર્યા હતા. ગુજરાત સરકારે સોલંકી સામે ફોજદારી ગુનાહિત કાર્યવાહી કરવા માટે મંજૂરી આપવા ઈન્કાર કર્યો હતો જે નિર્ણય પાછળથી એ વખતે ગુજરાતના માનનીય રાજ્યપાલે બદલી નાખ્યો હતો.

**વેન્ટિલેટર ખરીદી કૌભાંડ :**

એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે કોવિડ-૧૯ની પ્રથમ લહેર દરમિયાન સરકાર દ્વારા ખરીદવામાં આવેલા વેન્ટિલેટર્સ અપર્યાપ્ત પુરવાર થયા હતા અને 'એક્ચ્યુઅલ વેન્ટિલેટર્સ' ખરીદવા માટે તાકિદની ડિમાન્ડ કરવામાં આવી હતી. વેન્ટિલેટર્સ બનાવનાર કંપનીના પ્રમોટરને ભાજપ સાથે નિકટના સંબંધો હતા.

**૬. ભ્રષ્ટાચાર જીવનપદ્ધતિ બની ગઈ :**



રાજ્યમાં ભ્રષ્ટાચાર જાણે એક જીવનપદ્ધતિ બની ગઈ છે. યોગ્ય સેવાઓ પ્રાપ્ત કરવા માટે સામાન્ય લોકોને જંગી લાંચ ચૂકવવી પડે છે. ૨૦૧૯ના એક સર્વેમાં એવું બહાર આવ્યું હતું કે પ્રત્યેક બીજા ગુજરાતીએ આગલા એક વર્ષમાં લાંચ ચૂકવી હતી. દર ચોથી વ્યક્તિએ અનેક વખત લાંચ ચૂકવી હતી. લાંચ ચૂકવવાના કિસ્સાઓમાં ૩૩૦ ટકાનો વધારો થયો છે.

### ૭. સ્વાસ્થ્ય સેવાઓની (હેલ્થકેર) ઉપેક્ષા :

સ્વાસ્થ્ય સેવા (હેલ્થકેર) ક્ષેત્રની ઉપેક્ષા કરવામાં આવી છે. વધતી જતી વસ્તીની માગણીને પહોંચી વળવા માટે સ્વાસ્થ્ય સેવા માળખું સંપૂર્ણતઃ અપર્યાપ્ત છે. તબીબી વ્યવસાયિકોની ભારે તંગી છે. પરવડે તેવી અને ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાના અભાવે, ગુજરાતીઓને ખાનગી હેલ્થકેર તરફ વળવાની ફરજ પડે છે.

### હેલ્થકેર બજેટમાં કાપ : પ્રતિ વ્યક્તિ દૈનિક ખર્ચ રૂ.પાંચ :

ભાજપ સરકારે બજેટમાં કાપ મૂકીને હેલ્થકેર ક્ષેત્રની ઉપેક્ષા કરી છે. છેલ્લા બજેટમાં હેલ્થકેર ખર્ચમાં ૧૬ ટકા જેટલો ઘટાડો કરવામાં આવ્યો હતો. સામાજિક કલ્યાણ અને પોષણ માટેનું બજેટ ૧૩ ટકા જેટલું ઘટાડવામાં આવ્યું હતું.

સરકારે ૨૦૨૨-૨૩ના બજેટમાં આરોગ્ય અને કુટુંબ કલ્યાણ માટે રૂ.૧૨,૨૦૭ કરોડની ફાળવણી કરી હતી. આ રકમ પ્રતિ વ્યક્તિ માટે દૈનિક ખર્ચ રૂ.પાંચ કરતા થોડો વધુ જ આવે છે. તબીબી, જાહેર આરોગ્ય અને કુટુંબ કલ્યાણ પર ગુજરાતનો ખર્ચ અન્ય રાજ્યોની સરેરાશ કરતા ઓછો રહ્યો છે.

### આફ્રિકન દેશોની સમકક્ષ ગુજરાતની કામગીરી :

ગુજરાતમાં શીશુ મૃત્યુ દર ૩૧.૨ છે. ગુજરાતની કામગીરી ગરીબ આફ્રિકન દેશોની સમકક્ષ છે. આ મામલામાં રવાન્ડા, સેનેગલ અને નાંબિયાની ગુજરાત કરતા વધુ સારી કામગીરી છે.

### નિરંકુશ કુપોષણ :

સૌથી શરમજનક વાત તો એ છે કે, ગુજરાત સરકારે બાળકોમાં કુપોષણને વધવા દીધું છે. ૧૦૦ શીશુઓમાંથી ૯૪ને (૬ થી ૨૩ મહિનાની વયજૂથના) પર્યાપ્ત ખોરાક ઉપલબ્ધ નથી. ૨૦૧૫-૧૬થી સુધારાયેલા વિકાસ અને ઓછા વજનવાળા બાળકોના પ્રમાણમાં વધારો થો છે. ૪૦ ટકા બાળકો કુંઠિત વિકાસવાળા છે. શૈશવકાળના કુપોષણની આરોગ્ય પર કાયમી વિપરીત ગંભીર અસર પડી શકે છે. ૮૦ ટકા બાળકો (૬ થી ૫૯ મહિનાની વયજૂથના) નિર્બળ, નબળા અને માંદા છે. બાળકો, પુરુષો અને મહિલાઓની નબળાઈ અને માંદગીમાં વધારો થયો છે.

### કુલ સ્પેશ્યાલિસ્ટસની ૯૦ ટકા તંગી :

રાજ્યમાં તબીબી કર્મીઓની તીવ્ર તંગી છે. સમયસર ખાલી જગ્યાઓ ભરવામાં સરકારની નિષ્ફળતાના કારણે ગુજરાતની હેલ્થકેર સ્થિતિ વણસી છે.

| | જરૂરી | તંગી | તંગી % |
|---|---|---|---|
| ગ્રામીણ વિસ્તારોમાં સીએચસી ખાતે કુલ સ્પેશિયાલિસ્ટસ | ૧૩૩૨ | ૧૧૯૭ | ૯૦ |
| ગ્રામીણ વિસ્તારોમાં સીએચસી ખાતે રેડિયોગ્રાફર્સ | ૩૩૩ | ૩૨૫ | ૯૮% |
| શહેરી વિસ્તારોમાં પીએચસી ખાતે ડૉક્ટરો | ૩૨૨ | ૧૩૬ | ૪૨% |

### ખાનગીકરણ :

ભાજપ સરકારે હેલ્થકેરનાં ખાનગીકરણને ઉત્તેજન આપ્યું. લાખો ગુજરાતી નાગરિકોને ખાનગીકરણનાં કારણે હેલ્થકેર પરવડતી નથી.

### ૮. કોવિડ-૧૯ મહામારીમાં ગેરવહીવટ :

કોવિડ-૧૯ મહામારીનું ગેરવ્યવસ્થાપન સ્વતંત્ર ભારતની ગંભીર પ્રશાસન નિષ્ફળતા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી હેઠળની કેન્દ્ર સરકારે મહામારીને અટકાવવા અને ખાળવા પર્યાપ્ત પગલાં લીધા નહોતા. મુખ્યપ્રધાન રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકાર પોતાના નાગરિકોને મહામારીથી બચાવવાની ફરજ નિભાવવામાં નિષ્ફળ ગઈ હતી. સરકારની નિષ્ફળતા અને બેદરકારીના કારણે હજારો લોકોએ બિનજરૂરી જીવ ગૂમાવ્યા હતા. એપ્રિલ-૨૦૨૧ના બીજા સપ્તાહ સુધીમાં સ્મશાનગૃહો, કબ્રસ્તાનો મૃતદેહોથી ઊભરાઈ ગયા હતા.

### સરકારનું ધ્યાન સમાચારની 'હેડલાઈન્સ'માં ચમકવા પર હતું - મૃત્યુઆંક ઓછો દર્શાવાયો :

સરકારનું ધ્યાન સમાચારની 'હેડલાઈન્સ'માં ચમકવા પર હતું, વાસ્તવમાં સરકારે હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈતું હતું. એક અખબારના વિશ્લેષણ દ્વારા એવું જાહેર થયું હતું કે સરકારે બીજી લહેર દરમિયાન સિફતપૂર્વક કોવિડ-૧૯ના

મૃત્યુઆંકને ઘણો ઓછો દર્શાવ્યો હતો અને કોરોના વાઈરસથી થયેલા ૬૧,૦૦૦ કરતા વધુ મૃત્યુને છૂપાવવામાં આવ્યા હતા.

માર્ચ, ૧ અને મે, ૫-૨૦૨૧ દરમિયાન રાજ્યએ સત્તાવાર રીતે માત્ર ૪૨૧૮ કોવિડ-૧૯ મૃત્યુ નોંધ્યા હતા, પરંતુ સરકારે અગાઉના વર્ષ કરતાં ૬૫,૦૦૦ વધુ મૃત્યુ નોંધણી પ્રમાણપત્ર ઈસ્યૂ કર્યા હતા. હાર્વર્ડ યુનિવર્સિટીના સંશોધકોએ પણ એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે રાજ્યએ કોવિડ-૧૯ના કારણે થયેલા મૃત્યુની સંખ્યા ઓછી દર્શાવી હતી.

**નિવારી શકાય તેવી મૃત્યુ - ઓક્સિજનની તંગી :**

સૌથી નિરાશાજનક હકીકત એ હતી કે હજારો મૃત્યુ અટકાવી શકાયા હોત સરકારની નિષ્કાળજી અને ઓક્સિજનના અભાવથી ઘાતકી લહેર ઊભી થઈ હતી. ગુજરાતમાં બીજી લહેર દરમિયાન રાજ્યભરની હોસ્પિટલોમાં ઓક્સિજનની તીવ્ર તંગી સર્જાઈ હતી જેના કારણે ખાનગી ડૉક્ટરોને પણ મુખ્યપ્રધાનને દરમિયાનગીરી કરવા માટે પત્રો લખવાની ફરજ પડી હતી. રાજ્યમાં અનેક ઓક્સિજન પ્લાન્ટ્સ હોવા છતાં ઓક્સિજનની તંગી ઊભી થઈ હતી. રાજ્યમાં ઓક્સિજનનાં અભાવે ઘણાં લોકોનાં મૃત્યુ થયા હતા. ભાજપે આ માટે જવાબદારી સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો અને તત્કાલિન મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ જુલાઈ-૨૦૨૧માં એવો દાવો કર્યો હતો કે ઓક્સિજનના અભાવે એક પણ મૃત્યુ કોરોના વાઈરસથી થયું નથી.

**સરકારે કાયદેસર રીતે હક્કનું વળતર ચૂકવવા ઈન્કાર કર્યો :**

ભાજપ સરકારે કોવિડ-૧૯ના કારણે મૃત્યુ પામનારને પર્યાપ્ત વળતર ચૂકવવાનો ઈન્કાર કર્યો છે. સરકારે પુનઃ ગણતરી કરવી જોઈએ અને સાચી હકીકતો જાહેર કરવી જોઈએ. ત્યારબાદ સરકારે પ્રત્યેક પીડિત પરિવારને રૂ.૪ લાખનું વળતર ચૂકવવું જોઈએ.

**સર્વાધિક મૃત્યુ સંખ્યા :** બીજી લહેરમાં દેશના તમામ મોટા શહેરોમાં અમદાવાદમાં એપ્રિલ-૨૦૨૧ સુધી ૨.૭ ટકા પર સૌથી વધુ મૃત્યુદર હતો. પ્રથમ લહેર દરમિયાન પણ ગુજરાતમાં સૌથી વધુ મૃત્યુ દર નોંધાયો હતો. જુન-૨૦૨૦ સુધી રાજ્યનો મૃત્યુદર ૬.૨ ટકા હતો જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં બમણો હતો.

**બ્લેકફંગસનો ફેલાવો :** રાજ્યમાં દેશમાં મ્યુકરમાઈકોસિસનાં (બ્લેક ફંગસ) સૌથી વધુ કેસ હતા અને દર ૧૦૦૦ કોવિડ-૧૯ના કેસમાંથી ૧૩ કેસમાં બ્લેક ફંગસનું સંક્રમણ જોવા મળ્યું હતું.

**વેક્સિન ગેરવહીવટ :** વેક્સિન વ્યવસ્થાપન પર જો કેન્દ્ર સરકારે નિષ્ણાતોના મંતવ્યોને સક્રિય રીતે ધ્યાન પર લીધા હોત તો મોટાપાયે જાનહાની અને આજીવિકાનું નુકસાન ઘટાડી શકાયું હોત. શરૂઆતના દિવસોમાં સરકારની રણનીતિના કારણે મોટાભાગની વસ્તી વેક્સિનથી વંચિત રહી ગઈ હતી. સરકાર વેક્સિન ઉત્પાદકોને પોતાની ઉત્પાદન ક્ષમતા વિસ્તારવા માટે શરૂઆતમાં સહાય પૂરી પાડવામાં નિષ્ફળ ગઈ હતી.

**આર્થિક લોકડાઉન - આજીવિકા ગુમાવી :**

યોગ્ય પરામર્શ કર્યા વગર રાષ્ટ્રવ્યાપી લોકડાઉન જાહેર કરવાનાં અણધાર્યા નિર્ણયના લીધે લાખો લોકોને ભારે નુકસાન થયું હતું અને રોજગાર-આજીવિકા ગુમાવવા પડ્યાં હતા. પ્રવાસી કામદારોને પગપાળા પોતાના વતન તરફ જવાની ફરજ પડી હતી, કારણ કે તેમની પાસે આવકનો કોઈ સ્રોત નહોતો અને સરકાર તરફથી કોઈ મદદ મળી નહોતી. આકરા નિર્ણયોનાં કારણે લોકોને રોજગાર-ધંધા ગુમાવવા પડ્યા હતા. લોકડાઉન બાદ ગુજરાતમાં બેરોજગારીનો દર લગભગ ત્રણ ગણો થઈને એપ્રિલ-૨૦૨૦માં ૧૮.૭ ટકાને આંબી ગયો હતો. (સીએમઆઈઈ) વેલ્ફેર ફંડમાં મોટી અનામત (રિઝર્વ) હોવા છતાં બાંધકામના કામદારોને બીજી લહેર દરમિયાન કોઈ રોકડ ચૂકવવામાં આવી ન હતી.

**૯. શિક્ષણ :**

ગુજરાતમાં જ્યારથી ભાજપ સરકાર સત્તારૂઢ થઈ છે. ત્યારથી શિક્ષણ ક્ષેત્ર સૌથી વધુ ખરાબ રીતે પ્રભાવિત થયું છે. ભાજપના શાસનકાળમાં શિક્ષણ અને તમામ સ્તરે શિક્ષણ પાછળ સાવ ઓછો ખર્ચ કરવામાં આવ્યો છે. ઉચ્ચત્તર શિક્ષણ ક્ષેત્રની સંપૂર્ણતઃ ઉપેક્ષા કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને ખાનગી સંસ્થાઅમાં પ્રવેશ લેવાની ફરજ

પડે છે. ખાનગી સંસ્થાઓ નિમ્ન ગુણવત્તા ધરાવતા શિક્ષણ અને કૌશલ્ય માટે મોંઘીદાટ રકમ વસૂલે છે. શિક્ષણ અને કૌશલ્યની નબળી ગુણવત્તાના કારણે ગંભીર બેરોજગારી સંકટ ઊભું થયું છે.

**શૈક્ષણિક આંક પર ગુજરાત અન્ય રાજ્યોથી પાછળ છે :**

સમૃદ્ધ રાજ્ય હોવા છતાં સાક્ષરતા દરમાં ગુજરાત પાછળ છે. જુદાં જુદાં શિક્ષણ માપદંડો પર ગુજરાત ટોપ-૧૦ કે ટોપ-૧૫માં સ્થાન હાંસલ કરવામાં નિષ્ફળ રહ્યું છે. ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા અનુસાર સાક્ષરતાના દરની બાબતમાં અન્ય રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની તુલનાએ ગુજરાત ૧૭માં સ્થાને છે. પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક અને પ્રાથમિક વર્ગો માટે ગુજરાતનો ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (જીઈઆર) રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઓછો છે.

ઉચ્ચત્તર માધ્યમિક વર્ગો માટે (કુલ નોંધણી દર) પર ગુજરાત ૨૮માં સ્થાને છે. જ્યારે કન્યા કેળવણીની બાબતમાં ઉચ્ચતર માધ્યમિક વર્ગો માટે ગુજરાતનું સ્થાન ૩૦મું છે. ઉચ્ચત્તર શિક્ષણ ક્ષેત્રે નબળી કામગીરી જારી છે. ઉચ્ચત્તર શિક્ષણમાં ગુજરાતનો જીઇઆર તમામ રાજ્યોમાં સૌથી ખરાબ આઠમાં સ્થાને છે. પાંચ વર્ષમાં ગુજરાતની કામગીરીમાં માત્ર આંશિક સુધારો થયો છે. ઉચ્ચત્તર શિક્ષણમાં જીઇઆરની બાબતમાં ગુજરાત કરતાં ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ પણ આગળ છે. કુલ ખર્ચની તુલનાએ શિક્ષણ પર ખર્ચની બાબતમાં ગુજરાતનું સ્થાન ૨૦મું છે.

છેલ્લા પાંચ વર્ષમાં શિક્ષણ પર ગુજરાતના કુલ ખર્ચ સામે શિક્ષણ પરના ખર્ચનો રેશિયો ક્યારેય તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની સરેરાશથી આગળ વધ્યો નથી. ગુજરાતના ૨૦ જિલ્લાઓ 'શૈક્ષણિક રીતે પછાત જિલ્લા'ઓની કેટેગરી હેઠળ આવે છે.

**ખાનગીકરણ અને જંગી ફી :**

ભાજપ સરકારે સુયોજિત રીતે શિક્ષણના ખાનગીકરણને ઉત્તેજન આપ્યું છે. શિક્ષણ ક્ષેત્ર ફૂલીફાલી રહ્યું છે અને સરકારી કોલેજો બંધ પડી રહી છે. છેલ્લા એક દાયકામાં રાજ્ય ખાનગી યુનિવર્સિટીઓની સંખ્યામાં ૨૦૦ ટકા જેટલો વધારો થયો છે. જ્યારે જાહેર યુનિવર્સિટીઓની સંખ્યા માત્ર ૨૨ ટકા જ વધી છે.

ખાનગી કોલેજોની સંખ્યામાં લગભગ ૭૦ ટકા જેટલો વધારો થયો છે અને સરકારી કોલેજોની સંખ્યામાં ૫૦ ટકા જેટલો ઘટાડો થયો છે. વધતી જતી વસ્તીની માગણીને અનુરૂપ સરકારી સ્કૂલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કદમ મિલાવવામાં નિષ્ફળ રહ્યું છે. ખાનગી શાળાઓ અને કોલેજો જંગી ફી ચાર્જ કરે છે જેના કારણે લાખો બાળકો અને પુખ્ત યુવાનો માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ પરવડે તેમ નથી. ભાજપ સત્તારૂઢ થયા બાદ ખાનગી શાળાઓની સંખ્યામાં ધરખમ વધારો થયો છે.

**અપર્યાપ્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માનવ સંસાધન :**

ગુજરાતનું જાહેર શિક્ષણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિરાશાજનક છે. વર્ગખંડો અને અન્ય મહત્ત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જંગી તંગી છે. હજારો શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી છે.

સરકારી શાળાઓમાં ૨૮,૦૦૦ કરતા વધુ શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી છે. પ્રાથમિક શાળાઓમાં આચાર્યપદ માટે ૧૦૨૮ જગ્યાઓ ખાલી પડી છે. ૭૦૦ પ્રાથમિક શાળાઓ માત્ર એક જ શિક્ષકથી ચાલે છે. ધો.૧ થી ૮ સુધી તમામ વિદ્યાર્થીઓના અભ્યાસ માટે માત્ર એક જ શિક્ષક જવાબદાર છે. સરકારી શાળાઓમાં ૧૯,૦૦૦ વર્ગ ખંડોની તંગી છે. શિક્ષકો પર બિન શૈક્ષણિક કામગીરીનો બોજ લાદવામાં આવે છે. હજારો અરજદારો સરકાર ખાલી જગ્યાઓ ભરે તેની આતુરતાથી પ્રતિક્ષા કરી રહ્યાં છે.

**શિક્ષણની નિમ્ન અને ઉતરતી કક્ષાની ગુણવત્તા :**

શાળા અને કોલેજ બંને સ્તરે શિક્ષણની ગુણવત્તા ઉતરતી કક્ષાની છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ ગુજરાત કરતા યુક્રેનની કોલેજ જેવા વધુ ખર્ચાળ વિકલ્પો પસંદ કરે છે. આ વર્ષના આરંભે ૩૦૦૦ થી વધુ ગુજરાતી વિદ્યાર્થીઓ યુક્રેનમાં ફસાયા હતા. દેશની ટોપ-૫૦ યુનિવર્સિટીઓમાં ગુજરાતની એક પણ યુનિવર્સિટીને સ્થાન પ્રાપ્ત થયું નથી. નેશનલ એચિવમેન્ટ સર્વેમાં ગુજરાતની કામગીરી નબળી રહી છે. ચારમાંથી ત્રણ માપદંડના આધારે રાજ્યની કામગીરીને 'રાષ્ટ્રીય સરેરાશ કરતા ઘણી નીચી' તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. ■

# ગુજરાતમાંથી ૨૩ દિવસમાં તોતિંગ ૨૮૨ કરોડનો બેનંબરી ગેરકાયદે માલ ઝબ્બે

**ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ૯૩૯ કિલો ડ્રગ્સ પકડાયું**

## ચૂંટણીની મોસમમાં દારૂબંધીવાળા રાજ્યમાં દારૂની રેલમછેલ, ૩.૪૭ લાખ લિટર દેશી-વિદેશી ૧૨.૪૫ કરોડનો દારૂ પકડાયો

। ગાંધીનગર (પ્રતિનિધિ દ્વારા) ।

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી ત્રીજી નવેમ્બરે જાહેરાત થઈ ત્યારથી માંડીને ૨૫મી નવેમ્બર સુધીના ૨૩ દિવસમાં દારૂ નશીલા પદાર્થો સહિત રૂ. ૨૮૨.૦૮ કરોડનો બેનંબરી ગેરકાયદે માલ પકડાયો હોવાનું ચૂંટણી પંચે શુક્રવારે જાહેર કર્યુ છે. આમાં ૩.૪૭ લાખ લિટર દેશી-વિદેશી રૂ. ૧૨.૪૫ કરોડનો દારૂ તથા મુદામાલ રૂ. ૬૧.૬૩ કરોડના ૯૩૮.૮૧ કિલો નશીલા પદાર્થો, રૂ. ૧૪.૫૬ કરોડના ૧૮૦ કિલો ઘરેણાં-ઝવેરાત, રૂ. ૨૬.૩૭ કરોડ રોકડ તેમજ રૂ. ૧૬૭.૦૭ કરોડનો અન્ય માલસામાન સામેલ છે. સ્ટેટિક સર્વેલન્સ ટીમો, ફ્લાઈંગ સ્કવોડ, લોકલ પોલીસ તેમજ અન્ય રીતે પકડાયેલી ચીજો આમાં સામેલ છે. વર્ષ ૨૦૧૭માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી પ્રક્રિયા દરમિયાન માત્ર રૂ. ૨૭.૨૧ કરોડનો જ બેનંબરી ગેરકાયદે માલ પકડાયો હતો.

### ૨.૯૧ લાખ વ્યક્તિઓ સામે અટકાયતી પગલાં

■સીઆરપીસી હેઠળ ૨,૬૦,૭૦૩ કેસો, પ્રોહિબિશન હેઠળ ૩૦,૦૫૧ કેસો, પોલીસ એક્ટ, ૧૯૫૧ હેઠળ ૭૧ કેસો, પાસા એક્ટ હેઠળ ૩૨૯ કેસો મળીને કુલ ૨,૯૧,૧૫૪ સામે અટકાયતી પગલા ■કુલ ૫૫,૬૪૦ પરવાના ધારકો પાસેથી ૫૧,૧૨૬ (૯૧.૮૮ ટકા) હથિયારો જમા લેવાયા ■૭૮ ગેરકાયદે હથિયારો, ૩૫૪ ગેરકાયદે દારૂગોળો, ૧૫૦ ગ્રામ વિસ્ફોટક પદાર્થો આર્મ્સ એક્ટ હેઠળ પકડાયા.

| શું પકડાયું તેની વિગતો | |
|---|---|
| દારૂ (૩.૪૭ લાખ લિટર) | રૂ.૧૨.૪૫ કરોડ |
| ડ્રગ્સ (૯૩૮.૮૧ કિલો) | રૂ.૬૧.૬૩ કરોડ |
| ઘરેણાં-ઝવેરાત (૧૮૦ કિલો) | રૂ.૧૪.૫૬ કરોડ |
| રોકડ | રૂ.૨૬.૩૭ કરોડ |
| અન્ય ચીજો | રૂ.૧૬૭.૦૭ કરોડ |
| કુલ રૂ. | ૨૮૨.૦૮ કરોડ |

### ૨૫૬ ફરિયાદો હજી પડતર

■કુલ ૬,૨૪૫ ફરિયાદો મળી જે પૈકી ૫,૯૮૯ ફરિયાદોનો નિકાલ-સી-વિજિલ એપ ઉપર કુલ ૨,૩૬૪ ફરિયાદો મળી જે પૈકી ૨,૩૪૭નો નિકાલ ■પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો ઉપર ૨,૩૯,૭૬,૬૭૦ મતદારો પૈકી ૧,૨૪,૩૩,૩૬૨ પુરૂષ, ૧,૧૫,૪૨,૮૧૧ સ્ત્રી અને ૪૯૭ ટ્રાન્સજેન્ડર મતદારો ■બીજા તબક્કામાં ૨,૫૧,૫૮,૭૩૦ મતદારો પૈકી ૧,૨૯,૨૬,૫૦૧ પુરુષ, ૧,૨૨,૩૧,૩૩૫ સ્ત્રી અને ૮૯૪ ટ્રાન્સજેન્ડર મતદારો ■પ્રથમ તબક્કામાં જ્યાં મતદાન થનારૂં છે, ત્યાં અત્યાર સુધી ૧૯ જિલ્લાઓમાં ૧,૭૯,૫૧,૦૫૩ વોટર ઇન્ફર્મેશન સ્લીપનું વિતરણ. ■રાજ્યમાં ૭૧૦ ફ્લાઇંગ સ્ક્વોડ અને ૧,૦૫૮ સ્ટેટિક સર્વેલન્સ ટીમો કાર્યરત ■આચાર સંહિતા ભંગની ૨,૪૨૩ અરજી મળી, જે પૈકી ૨,૩૮૯નો નિકાલ ■રાજ્યમાં ૫૭ ઓક્ઝિલિયરી મથકો અને ૧,૮૩૩ વિશિષ્ઠ મથકો સહિત કુલ ૫૧,૮૩૯ મતદાન મથકો, વિશિષ્ટ મથકોમાં મહિલાઓ સંચાલિત ૧,૨૫૬ સખી મથકો, દિવ્યાંગો સંચાલિત ૧૮૨ મથકો, યુવાનો દ્વારા સંચાલિત ૩૩ મથકો અને ૧૮૦ ઇકો ફ્રેન્ડલી મથકો સામેલ.

સૌજન્ય : સંદેશ (તા.૨૬-૧૧-૨૨)

---

મીડિયા પાસે તેમણે જ પુલની મજબૂતાઈથી મોટી મોટી વાતો કરી હતી

# દુર્ઘટના સર્જાયાનો FSL રિપોર્ટ છતાં જયસુખ પટેલને પોલીસનું અભયદાન

## દુર્ઘટનાને ૨૩ દિવસ થયા છતાં જયસુખ પટેલ સામે કોઈ કાર્યવાહી થઈ નથી

સૌજન્ય : સંદેશ (તા.૨૩-૧૧-૨૨)

મોરબી ઝુલતા પુલ દુર્ઘટનાને ૨૩ દિવસ થયા છે. છતાં ઝુલતા પુલનું સંચાલન કરનાર અને તંત્રને જાણ કર્યા વગર મોટા ઉપાડે પુલને ખુલ્લો મુકી દેનાર ઓરેવા કંપનીના માલિક જયસુખભાઈ પટેલ સામે કોઈ કાર્યવાહી થઈ નથી. તેમણે જ મીડિયા સામે આવીને પુલની મજબૂતાઈના ડીંગા માર્યા હતા. છતાં આખા કેસમાં સરકારી ચોપડે ક્યાંય તેના નામનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો નથી. આમ સરકારે માત્ર નાના માછલાં પકડી મગરમચ્છને ખુલ્લો મુકી દીધો હોય તેવો ઘાટ સર્જાયો છે. આમ હવે સંચાલક 'ઓરેવા' કંપની અને તેના જયસુખ પટેલની લાપરવાહી સ્પષ્ટ થવાનું બહાર આવ્યું છે. આમ છતાં પોલીસે તેને અભયદાન આપ્યું હોય તેમ દુર્ઘટનાના ૨૩ દિવસ બાદ પણ FIRમાં જયસુખ પટેલ કે ઓરેવાનું નામ સુધ્ધાં ઉમેર્યુ નથી.

### મોરબી ઝૂલતા પુલ દુર્ઘટનામાં કાર્યવાહીનો ઘટનાક્રમ

- તા. ૩૦ ઓક્ટોબરને સાંજે ૬.૩૦ કલાકે ઝુલતો પુલ તૂટ્યો.
- તા. ૩૦ ના મોડી રાત્રે જ પોલીસ ખુદ ફરિયાદી બની FIR નોંધાવી
- તા. ૩૧ ના સવારે મેનેજર સહીત ૯ લોકોની ધરપકડ કરી
- તા. ૧ ના રોજ પાલિકાના ચીફ ઓફિસરને સસ્પેન્ડ કર્યા
- તા. ૩ ના રોજ મોરબી ઓરેવા કંપની અને ધાંગધ્રામાં પોલીસના દરોડા, એગ્રીમેન્ટ સહિતનું સાહિત્ય કબ્જે કર્યું
- તા. ૫ ના રોજ આરોપીના રિમાન્ડ પુરા થતા કોર્ટમાં રજૂ કરાયા જ્યાં તેમને કોર્ટે જેલ હવાલે કરવાનો હુકમ કર્યો
- તા. ૨૧ના રોજ આરોપીઓની જામીન અરજી પર સુનવણી થઈ જેમાં દલીલો દરમિયાન એફએસએલના પ્રાથમિક રિપોર્ટમાં ઝુલતા પુલના કટાયેલા બોલ્ટ-કેબલને લીધે ૧૩૫ લોકોના ભોગ લેવાયાનો ઉલ્લેખ કરાયો

---

ઊંચા ભાવ સહિતની અનેક ફરિયાદો બાદ તત્કાલીન ભાજપી હોદ્દેદારોએ ડેકોરેટર્સને હટાવ્યા હતા

# સ્ટે.કમિટીનો નિર્ણય ઉલટાવીને ખાનગી ડેકોરેટર્સને હોલ આપવાનું વિવાદાસ્પદ ટેન્ડર

સૌજન્ય : ન.ગુ.સ. (તા.૨૮-૧૧-૨૨)

[illegible]

મ્યુનિ.હોલ બુક કરાવનારને તરત ડેકોરેટર્સનો મેસેજ આવી જાય છે

[illegible]



---

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના રિપોર્ટમાં ઘટસ્ફોટ: ગુજરાતમાં ૧.૬૪ લાખ વિદ્યાર્થીને પ્રવેશ

સૌજન્ય : સંદેશ (તા.૨૧-૧૧-૨૨)

# કોરોના ઈફેક્ટ : દેશમાં પ્રિ-પ્રાઈમરીમાં ૧૧.૫૦ લાખ વિદ્યાર્થી ઘટ્યા

## DDISEનો રિપોર્ટ : ૨૦ હજાર સ્કૂલોને તાળાં વાગ્યાં, પ્રાઈમરીમાં ૧.૭૯ લાખ વિદ્યાર્થી ઘટ્યા

[illegible]

### શાળાની સંખ્યા ૧૪.૮૯ લાખ થઇ, શિક્ષકો પણ ઘટ્યા

[illegible]

### ગુજરાતની ૫૩,૮૫૧ શાળામાં ૧.૧૫ કરોડ વિદ્યાર્થીને પ્રવેશ

[illegible]

---

પીવાના પાણી અને ખાદ્યપદાર્થોના વધુ નમૂના લઈ તાકીદે સમસ્યા હલ કરવા કમિશનરની તાકીદ

# શહેરમાં પ્રદૂષિત પાણી અને બિનઆરોગ્યપ્રદ ખાણીપીણીના કારણે ગેસ્ટ્રોના કેસમાં વધારો

નવગુજરાત સમય > અમદાવાદ

[illegible]




સૌજન્ય : ન.ગુ.સ. (તા.૨૩-૧૧-૨૨)

[illegible]





મનરેગા, અન્નનો અધિકાર, શિક્ષણનો અધિકાર...

# પ્રજાલક્ષી નિર્ણયોના પ્રેરણા મૂર્તિ

**સોનિયાજીના જન્મદિને ખૂબ - ખૂબ શુભેચ્છા**

**ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ**



Published on every 5th and 20th every month



અખંડ ભારતના ઘડવૈયા લોખંડી પુરુષ

# સરદાર વલ્લભભાઇ પટેલની

## પુણ્યતિથિએ કોટી કોટી વંદનસહ

## શ્રધ્ધાસુમન

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

R.N.I. No. 70957/1998 Postal Registration No. GAMC/1720/2021-23 Valid upto 31-12-2023 issued by the SSPO'a Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 5th & 20th of every month. Editor, Publisher and Printer : Hasmukh Patel, Printed on Behalf of the Krut Sankalp Trust from Sankalp Prakashan, Nr. S.L.U. College, Kochrab, Ahmedabad - 380006 & Printers at Payal Printers Income Tax, Ashram Road, Ahmedabad - 380015.